NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**નાણાંકીય વર્ષ ૨૦૨૬–૨૭ દરમ્યાન પ્રપોઝ્ડ ગ્રાન્ટમાં ખર્ચ કરવા બાબત.**

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે, આ યુનિવર્સિટીમાં કાર્યરત પ્લાન/નોન પ્લાન/આઈ.સી.એ.આર. તથા અન્ય તમામ અધર એજન્સી યોજનાઓમાં **સને ૨૦૨૬–૨૭ ના નાણાંકીય વર્ષ** દરમ્યાન રેગ્યુલર ગ્રાન્ટ ફાળવણી થતાં સુધીમાં નીચે પ્રમાણેની સૂચનાઓને આધીન રહી **પ્રપોઝ્ડ ગ્રાન્ટમાં ખર્ચ** કરવા જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. | પ્લાન/નોન પ્લાન યોજનાઓમાં નિયમિત **પગાર ભથ્થા** માટે **૧૦૦% ખર્ચ કરવો** તેમજ એલ.ટી.સી. સંદર્ભે **૧૦ દિવસ રજા પગાર** તથા **એલ.ટી.સી. બીલ** પ્રપોઝ્ડ ગ્રાન્ટમાં **૧૦૦% ખર્ચ કરવો**, જયારે રેગ્યુલર ગ્રાન્ટ ફાળવવામાં આવે ત્યારે મેડીકલ રીએમ્બેર્સમેન્ટ/મુસાફરી ભથ્થા તથા અન્ય પગાર-ભથ્થા એરીયર્સના બીલોના ખર્ચ માટે રજૂ કરવા. |
| ૨. | **કન્ટીજન્સી ખર્ચ** માટે ગત નાણાંકીય વર્ષમાં કન્ટીજન્સી સદરે થયેલ **કુલ ખર્ચના નોન પ્લાન યોજનાઓમાં ૨૦%** ની મર્યાદામાં તથા **પ્લાન યોજનાઓમાં ૩૦%** ની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે. |
| ૩. | **આઈ.સી.એ.આર.** તથા **અધર એજન્સી** યોજનાઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીશ્રીઓના નિયમિત પગાર ભથ્થાનો ખર્ચ ગત નાણાંકીય વર્ષમાં **પગાર–ભથ્થા સદરે** થયેલ **કુલ ખર્ચના ૪૦%** ની મર્યાદા સુધી જ કરવાનો રહેશે. ત્યારબાદ જે રેગ્યુલર ગ્રાન્ટ મળેલ હશે તો જ રેગ્યુલર પગાર-ભથ્થાના બીલો પાસ કરવામાં આવશે. જયારે કન્ટીજન્સી, અન્ય ભથ્થા બીલો તથા એરીયર્સ બીલોનો ખર્ચ રેગ્યુલર ગ્રાન્ટ ફાળવ્યા પછી જ કરવાનો રહેશે. |
| ૪. | જે યોજનાની કામગીરી માટે પ્રવાસ કરવામાં આવે, તેવા પ્રવાસ-ભથ્થાનો ખર્ચ તે જ યોજનાના બજેટ સદરે ઉધારવાનો રહેશે. જેથી તે યોજનામાં કરેલ ખર્ચનો હેતુ જળવાઈ રહે. |
| ૫. | ઘણી કચેરી તરફથી શરૂઆતનો બધો ખર્ચ નોન પ્લાન યોજનામાં કરવામાં આવે છે, જ્યારે પ્લાન યોજનામાં ખર્ચ નહીવત કરવામાં આવે છે, જે વ્યાજબી નથી. સરકારશ્રી તરફથી પ્લાન યોજનાના ખર્ચની સમીક્ષા દર માસે કરવામાં આવતી હોય, પ્લાન યોજનામાં ઓછો ખર્ચ થતાં આ અંગે સરકારશ્રીમાં ખુલાશાઓ આપવા પડે છે. આથી જે કચેરીમાં પ્લાન યોજના હોય તેવી કચેરીએ આયોજન પૂર્વક પ્લાન યોજનામાં ગ્રાન્ટની મર્યાદામાં નિયમિત ખર્ચ કરવાનો રહેશે. |
| ૬. | જે કચેરીઓમાં આઇ.સી.એ.આર. તથા અધર એજન્સી યોજનાઓ ચાલતી હોય, તેવી યોજનાઓની ગ્રાન્ટ સમયસર મેળવવા યોજનાના **નિયંત્રણ અધિકારીશ્રીએ** પૂરતા પ્રયત્નો કરવાના રહેશે. |
| ૭. | સરકારશ્રી તરફથી **નોન પ્લાન યોજનામાં** પગાર ભથ્થા પૂરતી જ ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવાથી **નાણાંકીય વર્ષ ૨૦૨૬–૨૭** દરમ્યાન નોન પ્લાન યોજનામાં ફક્ત આવશ્યક ખર્ચ સિવાય અન્ય કોઈ ખર્ચ કરવો નહીં. |
| ૮. | **નોન પ્લાન અને પ્લાન યોજનામાં વધુ ને વધુ આવક જમાં થાય તે અંગે યોજનાના વડા/કચેરીના વડાશ્રીએ તમામ પ્રયત્નો કરવાના રહેશે. તેમજ જે તે યોજનાની આવક તે જ યોજનામાં જમાં થાય તેની ખાસ કાળજી કચેરી વડાએ રાખવાની રહેશે.** |
| ૯. | ઉપરોક્ત **વિગતે પ્રપોઝ્ડ ગ્રાન્ટમાં** કરેલ ખર્ચ **નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬** ના વર્ષ માટે ફાળવવામાં આવનાર રેગ્યુલર ગ્રાન્ટ સામે સરભર કરી લેવાનો રહેશે. તેમજ ઉક્ત તમામ સૂચનાઓ ફક્ત NAU Fund Account પુરતી માર્યાદિત રહેશે. ***Credit Limit*** *તેમજ સેપરેટ* ***Liquid Fund*** *તરીકે મળતી ગ્રાન્ટ માટે રેગ્યુલર ગ્રાન્ટ ફાળવણી થયા બાદ જ ખર્ચના બીલો પાસીંગ અર્થે રજુ કરવા.* |

**સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

**જા.નં. નકૃયુ/હિનિ/બજેટ/૮૨૨/૨૦૨૬**
**નવસારી, તા. ૧૮/૦૩/૨૦૨૬**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**
(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓ અને કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૩) અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૪) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૫) અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):–**
અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.